# અમારે આંગણે પધારેલા મોંઘેરા મહાનુભાવો

### શ્રી ચીમનભાઈ દેસાઈ તથા જયંતીભાઈ પટેલ

## પૂજ્ય મહાત્મા ગાંધીજી

સને ૧૯૨૦માં પગપાળા કરમસદ મુકામે જતાં પૂ. ગાંધીજી બાકરોલ ગામની મોટી ધર્મશાળા સામે જ્યાં હાલ પૂ. ગાંધીજીની પ્રતિમા મૂકવામાં આવી છે તે સ્થળે તેમને ફૂલહાર કરેલા.

## સરદાર વલ્લભભાઈ પટેલ

તા. ૯-૩-૧૯૪૨ના રોજ શ્રી સરદાર પટેલ દેસાઈની હવેલીમાં પધારેલા અને હવેલીના ચોકમાં તેમણે ગ્રામસભાને સંબોધેલી.

સરદાર પટેલ ૧૮૯૫માં વકીલાતની પરીક્ષા માટે વાંચવા બાકરોલમાં દેસાઈની હવેલીમાં ચાર માસ સુધી રહેલા. તેમની સાથે નડીઆદના શ્રી કાશીભાઈ શાંમળભાઈ દેસાઈ તથા કરમસદના શ્રી છોટાભાઈ વકીલ પણ વાંચવા માટે રહેલા.

સરદાર પટેલ નાનપણથી જ બહાદુર અને નીડર હતા. સરદારશ્રી જ્યારે બાકરોલ રહેલા ત્યારે એમને બગલબામણી નીકળેલી. બાકરોલ ગામમાં એ સમયે એક વાળંદ આવું ગૂમડું થયું હોય ત્યારે ડામ દેતો. આપા સાહેબ દેસાઈએ આ વાળંદને બોલાવ્યો. એણે સળિયો ગરમ તો કર્યો પણ સારા ઘરના આ મહેમાનને ડામ દેતાં એ ખચકાઈ ગયો. ત્યારે સરદાર પટેલે જાતે જ એ લાલ ચોર શળિયો પોતાના ગૂમડા પર ચોંપીને ડામ દઈ દીધેલો.

## ઉત્સવભાઈ પરીખ

શ્રી ઉત્સવભાઈ પરીખ બાકરોલ આરોગ્યમંડળ સંચાલિત હૉસ્પિટલનું ઉદ્ઘાટન કરવા કાર્તક વદી ૧૨ને સંવત ૨૦૧૨ના રોજ પધારેલા.

## શ્રી એચ.એમ પટેલ

ભારત સરકારના માજી નાણાં પ્રધાન શ્રી એચ.એમ. પટેલ બાકરોલ પ્રાથમિક કુમારશાળાના મકાનનું ઉદ્ઘાટન કરવા તા. ૭-૧૧-૫૯ના રોજ પધારેલા. તેમ જ જનાર્દન વારિગૃહનું ખાત મુહૂર્ત કરવા પણ પધારેલા.

## શ્રી દરબાર ગોપાળદાસ પટેલ

પેટલાદ તાલુકા પ્રજામંડળનું પ્રથમ અધિવેશન સન ૧૯૩૮માં બાકરોલ ગામે તેમના પ્રમુખસ્થાને મળ્યું હતું. ઉપરાંત પ્રજામંડળના વીસમા અધિવેશનમાં પણ તેઓએ માનવંતા મહેમાન તરીકે હાજરી આપી હતી.

## શ્રી યોગાનંદજી

બાકરોલ ગામમાં હવેલીના ચોકમાં રામાયણ કથા કરવા એક માસ માટે પધારેલા. તે વખતે રાજકોટ સત્યાગ્રહ ચાલતો હતો તે માટે ફંડ પણ એકત્ર કરેલું.

## જે.સી.કુમારપ્પા

વલ્લભવિદ્યાનગરની યોજનાની વિચારણા માટે બાકરોલમાં સન ૧૯૪૫માં આવેલા.

## શ્રી પાંડેજી

બિરલા એજ્યુકેશન ટ્રસ્ટના સેક્રેટરી તરીકે વલ્લભવિદ્યાનગર આવેલા ત્યારે ૧૯૪૫માં બાકરોલ પધારેલા.

## સંત નિહાલસિંગ

વલ્લભવિદ્યાનગરની યોજનાની વિગતો ચર્ચવા બાકરોલ પધારેલા.

## શ્રી ચુનીલાલ શાહ,
## શ્રી ઢેબરભાઈ
## શ્રી જાદવજી મોદી તથા
## શ્રી મગનભાઈ શંકરભાઈ પટેલ

વડોદરા રાજ્યનું પ્રજામંડળનું ૨૦મું અધિવેશન ૨૩-૨૪ માર્ચ, ૧૯૪૭માં ભરાયું ત્યારે પધારેલા.

## શ્રી વિશ્વનાથન

ગુજરાત રાજ્યના ગવર્નર શ્રી વિશ્વનાથન વિવિધ કાર્યકારી સહકારી મંડળીનું ઉદ્ઘાટન કરવા બાકરોલમાં પધારેલા.

## સંત તુકડોજી

આચાર્ય વિનોબા ભાવેના ભાઈ શ્રી સંત શ્રી તુકડોજી મહારાજ ૧૯૭૦માં બાકરોલ પધારેલા.

## શ્રી ડોંગરેજી મહારાજ

૧૯૭૦માં જ્યારે વલ્લભવિદ્યાનગરમાં સપ્તાહ કરવા આવેલા ત્યારે બાકરોલમાં પધારેલા.

## શ્રી હિતેન્દ્ર દેસાઈ

તેઓ જ્યારે ગુજરાતના મુખ્ય મંત્રી હતા ત્યારે બાકરોલ પધારેલા. આ સમયે બાકરોલ ગામે એકત્ર કરેલા હિન્દ સંરક્ષક ફાળાની રકમનો ચેક તેમને અર્પણ કરેલો.

## શ્રી મોરારી બાપુ

કરમસદમાં સપ્તાહ કરવા આવ્યા ત્યારે બાકરોલ પધારેલા.

## શ્રી ચીમનભાઈ પટેલ

તેઓ જ્યારે ગુજરાત રાજ્યના મુખ્ય મંત્રી હતા ત્યારે તા. ૩૦-૧૦-૭૬નારોજ બાકરોલ ગામમાં સરદાર પટેલની પ્રતિમાનું ઉદ્ઘાટન કરવા બાકરોલ પધારેલા.

## શ્રી ઘનશ્યામભાઈ ઓઝા

તેઓ જ્યારે ગુજરાત રાજ્યના મુખ્ય મંત્રી હતા ત્યારે ચારુતર આરોગ્ય મંડળને હૉસ્પિટલ બાંધવા બાકરોલ ગામની ગોચરની જમીનની સ્થળ પર તપાસ કરવા બાકરોલ પધારેલા.

## મહારાજશ્રી રામદાસજી

કરમસદ સંતરામ મંદિરના મહંત શ્રી રામદાસજી મહારાજના વરદ્ હસ્તે રામજી મંદિરનો શીલારોપણ વિધિ તથા કાશીબેન અતિથી કુટિરનું ઉદ્ઘાટન કરવામાં આવ્યાં.

## શ્રી માધવતીર્થજી મહારાજ

શ્રી ૐકાર સાધનાશ્રમના સ્થાપક સ્વામી શ્રી માધવતીર્થશ્રી મહારાજના વરદ હસ્તે બાકરોલના સંત ભવનનું ઉદ્ઘાટન થયું હતું. તથા રામજીમંદિરની મૂર્તિ પ્રતિષ્ઠા પણ તેમના વરદ્ હસ્તે થઈ હતી.

## શ્રી માધવસિંહ સોલંકી

પોતે જ્યારે ચીફ મિનિસ્ટર હતા ત્યારે બાકરોલમાં વિધિસરની મુલાકાતે પધારેલા.

## શ્રી જગદ્‌ગુરુ શંકરાચાર્ય

તેઓશ્રી ૧૯૭૩માં બાકરોલ ગામની જાહેર સભામાં કથાનો લાભ આપવા માટે પધારેલા.

## ગીતા ભારતીજી

સન ૧૯૬૪માં બાકરોલ ગામમાં ગીતા પ્ર વચન કરવા પધારેલાં.

## બ્રિટીશ કોન્સોલેટ જનરલ

સન ૧૯૬૩માં દેસાઈની હવેલીનું જૂનું કોતરકામ જોવા બાકરોલમાં પધારેલા.

## શ્રી પન્નાલાલ પટેલ

તેઓ જ્યારે ઈલેક્ટ્રીક એંજીનિયર શ્રી જશભાઈ(અમદાવાદ)ને ત્યાં રહેતા હતા ત્યારે વર્ષમાં બેથી ત્રણ વખત, ચંદ્રાવતીબેનને લેવા બાકરોલ આવતા. ત્યાર પછી સન ૧૯૫૭માં વી.પી. કૉલેજમાં ચીફ ગેસ્ટ તરીકે આવેલા ત્યારે બાકરોલ પધારેલા.

## શ્રી ઈશ્વર પેટલીકર

બાકરોલ સાર્વજનિક પુસ્તકાલયના સુવર્ણજયંતી મહોત્સવ પ્રસંગે પ્રમુખસ્થાને બીરાજેલા.

## શ્રી રવિશંકર મહારાજ તથા

## શ્રી બબલભાઈ મહેતા

સન ૧૯૭૨માં ભૂદાનયજ્ઞમાં જમીન મેળવવા માટે પધારેલા.

## શ્રી રામ શર્માજી

વિદ્યાનગરમાં પ્રવચન આપવા માટે આવ્યા ત્યારે બાકરોલમ પધારેલા.

## શ્રી ગુલામરસુલ કુરેશી

વિદ્યાનગરમાં પધારેલા ત્યારે બાકરોલમાં આવેલા.

## બ્રહ્મલીન કૃપાલાનંદજી સ્વામી

૧૯૬૩માં બાકરોલમાં પધારેલા.

## શ્રી રાજર્ષિ મુનીજી

સન ૧૯૭૬માં બાકરોલમા પધારેલા.

## શ્રી સચ્ચિદાનંદજી મહારાજ

તેઓ શ્રી બાકરોલમાં શ્રી કાન્તિભાઈ મણીભાઈ પટેલે બંધાવી આપેલા સંત ભુવનનું ઉદ્‌ઘાટન કરવા બાકરોલમાં પધારેલા.

## શ્રી પ્રમુખસ્વામી મહારાજ

તેઓશ્રી બાકરોલમાં શ્રી ચરોતર આરોગ્ય મંડળની હૉસ્પિટલનું શીલારોપણ કરવા પધારેલા. પછી સન ૧૯૮૧માં તેઓશ્રી બાકરોલમાં પ્રવચન કરવા પધારેલા. તે વખતે તેમની સાથે શ્રી મહંત સ્વામી તથા ડૉક્ટર સ્વામી પણ પધારેલા. તે પછી ત્રણેક વખત તેઓશ્રી શ્રી બાબરભાઈ મનોરભાઈના આમંત્રણથી બાકરોલમા પધારેલા અને ભોજન લીધેલાં ને પ્રવચન કરેલાં.

તે પછી શ્રી અક્ષર પુરુષોત્તમ સ્વામિનારાયણ મંદિરની પ્રાણપ્રતિષ્ઠા કરવા પધારેલા.

## શ્રી અબ્બાસ તૈયબજી

સન ૧૯૩૭માં પ્રજામંડળની પ્રવૃત્તિને વેગવંતી બનાવવાની સનજણ આપવા પધારેલા.

## ડૉ. સુમન્ત મહેતા

## શ્રી છોટુભાઈ સુતરિયા

## શ્રી પશાભાઈ પટેલ

આ ત્રણની વડોદરા રાજ્ય પ્રજામંડળ તરફથી વડોદરા સરકારના હુકમ વિરુધ્ધ જમીન મહેસુલ તપાસ સમિતી નિમેલી, જેણે ૧૯૩૭માં

સૌ પ્રથમ બાકરોલ ગામેથી કામની શરૂઆત કરેલી.

## શ્રી ગંગેશ્વરાનંદજી મહારાજ

સન ૧૯૭૭માં બાકરોલમાં પધારેલા.

## શ્રી બુધ્ધદેવજી મહારાજ

વાસદવાળા શ્રી બુધ્ધદેવજી મહારાજ ૯-૨-૭૧થી ૨૮-૨-૭૧ સુધી બાકરોલમાં શ્રી ચીમનભાઈ દેસાઈના ખેતરમાં રહેલા. તેમને રહેવા માટે શ્રી ચીમનભાઈ દેસાઈએ એક કુટિર બનાવરાવેલી જે હાલ પણ બુધ્ધદેવ કુટિર તરીકે ઓળખાય છે.

## શ્રી રંગ અવધૂતજી મહારાજ

નારેશ્વરવાળા શ્રી રંગ અવધૂતજી મહારાજ તા. ૧૯-૮-૬૮ના રોજ બકરોલમાં પધારેલા અને દેસાઈની હવેલીમાં ત્રણ દિવસ રહેલા. ગામના ભક્તોએ પાદુકા પૂજનનો લાભ પણ લીધેલો.

## શ્રી અવિચલદાસજી

તેઓશ્રી રામશીલા પ્રવૃત્તિ અન્વયે પ્રવચન આપવા માટે બાકરોલમાં પધારેલા.

## શ્રી આનંદીબેન પટેલ

તેઓશ્રી જ્યારે શિક્ષણમંત્રી હતાં ત્યારે બાકરોલ ગામમાં કન્યાશાળાનાં ત્રણ શિક્ષિકા બહેનોને એવોર્ડ મળેલા તેની અર્પણવિધિ કરવા ફેબ્રુઆરી, ૨૦૦૫માં પધારેલાં.

આ સિવાય હરિૐ આશ્રમવાળા પૂજ્ય મોટા, કૃષ્ણશંકર શાસ્ત્રી, ડોંગરે મહારાજના ગુરુ શ્રી નરહરિ શાસ્ત્રીજી, વૈષ્ણવાચાર્ય શ્રી મધુસુદન લાલજી મહારાજ, શ્રી રણછોડ લાલજી મહારાજ તથા મુબઈવાળા શ્રી ઋષિકેશજી મહારાજ પણ પધારેલા.

આ ઉપરાંત સંત પુનિત મહારાજ, ઈંદિરા બેટીજી પધારેલાં.

સન ૧૯૫૬માં સાકોરીવાળાં સતિ ગોદાવરી માતાજી પધારેલાં.

અનુક્રમ⇒